અપીલ અરજી નં.૪૧૩ તા.૧૮–૧૧–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મુબારક અલી ગુલામનબી બાદશાહ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર(સીવીલ) અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મુબારક અલી ગુલામનબી બાદશાહની તા. ૨૮–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) પંડોલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટનાં વોર્ડ નં.૧૬ના પ્લોટ નં. ૩૮થી૪૩ અટલજીનગર વિભાગ–ર,કચરા પેટી કન્ટેનરની બાજુમાં માથાભારે ઈસમે ગેરકાયદેસર આર.સી.સી.ની કોલમ,બીમ,પ્લીન્થ સહિત બાંધકામ કરેલ જેની માહિતીની નકલો તથા આપશ્રીની કચેરીમાં રજૂ કરેલ પેપર્સ, ડોકયુમેન્ટની માહિતીની નકલો આપવા વિનંતી. મુદ્દા નં.ર સને ૧૯૪૯ નાં બી.પી.એમ.સી એકટની કલમ ૨૬૦ મુજબ આવા ગે.કા. બાંધકામમાં કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કાયદેસર ડીમોલીશન કર્યા અંગેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૮–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૪૧૩/૨૦૧૧–૧૨

શ્રી મુબારક અલી ગુલામનબી બાદશાહની તા. ૨૮–૯–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) પંડોલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટનાં વોર્ડ નં.૧૬ના પ્લોટ નં. ૩૮થી૪૩ અટલજીનગર વિભાગ–ર,કચરા પેટી કન્ટેનરની બાજુમાં માથાભારે ઈસમે ગેરકાયદેસર આર.સી.સી.ની કોલમ,બીમ,પ્લીન્થ સહિત બાંધકામ કરેલ જેની માહિતીની નકલો તથા આપશ્રીની કચેરીમાં રજૂ કરેલ પેપર્સ, ડોકયુમેન્ટની માહિતીની નકલો આપવા વિનંતી વિ. મુદ્દા નં.(૧) થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા બાબતે નકલ સહ દફતરી હકીકત મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૧૬૩ તા. ૨૮–૧૧–૧૧થી એડી.સીટી ઈજનેર(સીવીલ) અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તે મળ્યા બાદ નારાજગી હોય તો આધાર સહ સ્પષ્ટ કરવા તથા અપીલ સાથેની તેમની કાર્યવાહીને લગતી રજૂઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પત્ર નં. નોર્થઝોન/આઉટ/૬૨૨૪ તા.૧૭–૧૨–૧૧ થી નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૧૬૩ તા.૩૦–૯–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદાર ની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં. નોર્થઝોન/આઉટ/૫૧૩૧ તા.૨૪–૧૦–૧૧ થી આપેલ પત્યુત્તરની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૭–૧૨–૧૧ થી પત્ર અત્રે મળેલ છે.

અરજદારની તા. ૨૮–૯–૧૧ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતિ માંગતી અરજી જાહેર માહિતિ અધિકારી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે પત્ર નં. નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/ ૧૧૬૩ તા.૩૦–૯–૧૧ થી જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા. ૧૮–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જેમાં અરજદારની અરજીના મુદ્દા નં.(૧) પંડોલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટનાં વોર્ડ નં.૧૬ના પ્લોટ નં. ૩૮ થી ૪૩ અટલજીનગર વિભાગ–ર, કચરા પેટી કન્ટેનરની બાજુમાં માથાભારે ઈસમે ગેરકાયદેસર આર.સી.સી.ની કોલમ,બીમ,પ્લીન્થ સહિત બાંધકામ કરેલ જેની માહિતીની નકલો તથા આપશ્રીની કચેરીમાં રજૂ કરેલ પેપર્સ, ડોકયુમેન્ટની માહિતીની નકલો આપવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી પ્લોટ નં.૩૮ થી ૪૩ પંડોળ ઈન્ડ. એસ્ટેટમાં કોઈપણ જાતની દુકાનનું બાંધકામ ઘણાં વર્ષો જુનાં ફેકટરી શેડ જણાય છે. તેવું જણાવેલ. મુદ્દા નં.ર સને ૧૯૪૯ નાં બી.પી.એમ.સી એકટની કલમ ૨૬૦ મુજબ આવા ગે.કા. બાંધકામમાં કોઈપણ જાતની નોટીસ આપ્યા વગર કાયદેસર ડીમોલીશન કર્યા અંગેની માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન તરફથી કતારગામઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ પર જણાતી નથી. માહિતી આપવાની રહેતી નથી. તેવું જણાવેલ. જયારે અરજદારને પાઠવેલ પત્ર અનુસંધાને સદર વિષયની મિલ્કતનું બાંધકામ સદંતર ગેરકાયદેસર હોય બી.પી.એમ.સી. એકટની કલમ–૨૬૦ મુજબ ડીમોલીશન કરવા વિનંતી. તેવુ જણાવેલ. અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે અરજદાર મુદ્દા નં. ૨ અંગે માહિતી અંગે સ્પષ્ટ જણાતા નથી પરંતુ પુરક વિગત પરથી કાર્યવાહી હાથ ધરવાને લગતી તકરારી બાબત જણાય છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

''અરજદારની તા.૨૮–૯–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ વિગતે પુરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતું ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. ''

અરજદારની અલગ રજુઆત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર(સીવીલ) અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન) .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મુબારક અલી ગુલામનબી બાદશાહ